# પાટનગરાઓને બે દિવસની કાતિલ ઠંડીએ ઝંઝોળી નાખ્યા

## ગરમ વસ્ત્રોનો પહેરવેશ તથા ગરમ પદાર્થોના સેવન સાથે શરીરની કાળજી પ્રત્યે એકદમ જ સજાગ બન્યા, શિયાળુ ચિજવસ્તુઓના વેચાણમાં વિજળી વેગે તેજી

ગાંધીનગર, તા. ૧૭

હિમાલયમાં ભારે બરફવર્ષાના કારણે સમગ્ર ઉત્તર ભારતમાં કાતિલ ઠંડી ફરી વળી હતી. જેની અસર ગુજરાતમાં પણ વ્યાપક માત્રામાં થઈ છે. જેમાં ગાંધીનગરમાં તાપમાનમાં થયેલા જોરદાર ઘટાડાએ ગાત્રો થીજાવતી ઠંડીએ નગરજનોને રીતસર ઝંઝોળી નાખ્યા હતા. ઠંડીના અચાનક આગમનથી ગરમ વસ્ત્રોનો પહેરવેશ તથા ગરમ પદાર્થોનું સેવન અને શરીરની કાળજી પ્રત્યે નગરજનોમાં સજાગતા ઉભી થતાં શિયાળુ ચિજવસ્તુઓના વેચાણમાં વિજળીવેગે તેજી આવી હતી. જો કે ધીમે પગલે આવતી ઠંડીએ એકદમ જ પગપેસારો કરી દેતા નગરજનોની હાલત કફોડી થઈ ગઈ હતી.

દેશના પર્વતીય વિસ્તારોમાં થયેલી ભારે હિમવર્ષાથી સમગ્ર દેશ કાતિલ ઠંડીની ઝપટમાં આવી ગયો છે. જેની સૌથી વધુ અસરો દેશના મેદાની વિસ્તારોમાં વર્તાઈ છે. ગુજરાતના પાટનગરમાં પણ તાપમાનનો પારો એકદમ જ નીચે ઉતરી ગયો હતો. અને રાજ્યમાં નલીયા પછી બિજા નંબરનું ઠંડુ શહેર બની ગયું હતું. અચાનક આવી ચડેલી શિત લહેરોની અસરોથી પાટનગરવાસીઓ આબાદ રીતે સકંજામાં આવી ગયા હતા અને ઠંડીના પ્રકોપથી બચવાના પ્રયાસો આરંભી દીધા હતા.

જેમાં પ્રથમ શરીરને ઠંડીથી રક્ષણ આપવા સ્વેટર, ઝેકેટ તથા અન્ય ગરમ વસ્ત્રોનો સહારો મેળવી લીધો હતો અને શરીરમાં ગરમી રહે તે માટે સુકો મેવો, કચરીયુ, સુંઢ, ગંઠોડા, આદુ તથા ગરમ તેજાનાથી ભરપૂર કૌચાપાક અડદપાક વગેરે પાકનું સેવન શરૂ કરી દીધુ હતુ. વધુમાં શરીર ઉપર તૈલી પદાર્થો કે વેસેલીન જેવા પદાર્થોનો ઉપયોગ પણ ભરપૂર માત્રામાં અપનાવી દીધો હતો. જેથી શિયાળુ ચિજવસ્તુઓના વેચાણમાં વિજળીવેગે તેજી દેખાઈ હતી. દિવસ દરમિયાન નોકરી ધંધા વ્યવસાયમાં વ્યસ્ત રહેતા નગરજનો સમી સાંજથી જ ઘરમાં જ પૂરાઈ રહેવાના આગ્રહી બન્યા હતા. જો કે હાલ કમુર્હત શરૂ થઈ જતાં લગ્ન પ્રસંગો કે શુભ પ્રસંગો આયોજીત થઈ શકશે નહી. સૌથી મોટી રાહત નગરજનો ગણી રહ્યા છે.

હાલ ઠંડીએ થોડી રાહ લેતા તાપમાન થોડુ ઉંચકાયુ છે. જે કારણે ઠંડી ઘટી છે. પરંતુ સુસવાટા મારતા પવનો થકી ઠંડીનો વધારે અહેસાસ થાય છે. છતાં પણ બે દિવસની કાતિલ ઠંડીએ નગરજનોને જાગ્રત કરી નાખતાં ઠંડી સામે રક્ષણની પૂર્ણ તૈયારીઓ કરી લીધી છે.

# લઘુત્તમ પારો ૧૨ ડિગ્રીએ : ઠંડીમાં રાહત

## દિવસ દરમિયાન સતત પવન ફુંકાતો રહ્યો : વહેલી સવારે ધુમ્મસની હાજરીના કારણે વાહન ચાલકોને મુશ્કેલી : શાકભાજીના ભાવમાં ઘટાડો

ગાંધીનગર, તા.૧૭

ગાંધીનગરમાં આજે સતત બીજા દિવસે ઠંડીના પારાએ નગરજનોને રાહત આપી હતી. તાપમાનનો સતત ગગડતો પારો છેલ્લા બે દિવસથી ફરી ઉપર ચઢી રહ્યો છે અને મહત્તમ તાપમાન ૨૫ ડિગ્રી સે. જયારે લઘુત્તમ ૧૨ ડિગ્રી સે. પર જઈ અટકયો છે. ઉત્તર ભારતમાં ફુંકાયેલા ઠંડીના તીવ્ર મોજાની અસરમાંથી રાજય અને પાટનગરને હવે રાહતનો અનુભવ થયો છે જો કે દિવસભર સતત ફુંકાતા રહેલા પવને નગરજનોને ઠંડીનો અહેસાસ કરાવે રાખ્યો હતો.

રાજયભરમાં ગત સપ્તાહ દરમિયાન ફરી વળેલા ઠંડીના તીવ્ર મોજાની અસર તળે એક તબક્કે પાટનગરમાં ઠંડીનો પારો ૬ ડિગ્રી સુધી ગગડી ગયો હતો અને રાજયભરમાં ઠંડા શહેરનો વિક્રમ પણ નોંધાવી દીધો હતો. હાજાં ગગડાવી નાંખે તેવી ઠંડીના અનુભવે નગરજનોને થથરાવી મુકયા હતા. પરંતુ માત્ર ગણતરીના દિવસોમાં જ આ પારો ફરી ઉપર આવી જતા રાહતની લાગણી થવા પામી છે. કડકડતી ઠંડીના કારણે નગરના જનજીવન પર પણ અસર પડી છે. સવારે મોર્નિગ વોકર્સની સંખ્યામાં ઘટાડો થઈ જવા પામ્યો છે. રાત્રે ૮ વાગ્યા પછી નગરના રાજમાર્ગો પર ટ્રાફિક નહિવત થઈ જાય છે અને ૧૦ વાગ્યા પછી તો રસ્તા સુમસામ ભાસે છે.

સવારના સમયે ધુમ્મસનું પ્રમાણ વધ્યું છે. ખુલ્લા વિસ્તારો કે મેદાનોમાં કે ખેતરોમાં રીતસર જાણે વાદળ નીચે ઉતરી આવ્યું હોય તેવા ધુમ્મસના ગોટે ગોટા વહેલી સવારે નજર ચઢે છે. વાતાવરણમાં ભેજનું પ્રમાણ સવારે ૭૧ ટકા હતું તે સાંજે ઘટીને ૨૮ ટકા સુધી રહેવા પામ્યું હતું પરંતુ ધુમ્મસના કારણે વહેલી સવારે વાહનચાલકોને મુશ્કેલી પડી રહી છે.જો કે શિયાળો બરાબર જામતા શાકભાજીના ભાવો નીચા આવવા લાગ્યા છે તેથી ગૃહિણીઓના બજેટમાં રાહત અનુભવાઈ રહી છે. હજુ પણ જો આ ઠંડીનું પ્રમાણ ૧૦ થી ૧૨ ડિગ્રીની આસપાસ જળવાઈ રહેશે તો લીલા શાકભાજીની આવકમાં સારો એવો વધારો થશે અને ભાવો વધુ નીચે આવી શકે છે. નગરજનોને ૧૨ થી ૧૪ ડિગ્રીની ઠંડી તો લગભગ કોઠે ચડી ગઈ છે પરંતુ દિવસ દરમિયાન સતત ચાલુ રહેતો ઠંડો પવન લોકોને થોડો પરેશાન કરી રહ્યો છે.




(તસવીર : નટુભાઈ પટેલ)

# ચિલોડા એસ.ટી. કન્ટ્રોલ પોઈન્ટ બંધ કરી દેવાતા વિદ્યાર્થીઓ-મુસાફરોની હાલત કફોડી

ગાંધીનગર તાલુકાના પ્રવેશ દ્વાર સમા ચિલોડા જંકશન ખાતેના એસ.ટી. કન્ટ્રોલ પોઈન્ટને અચાનક બંધ કરી દેવાતા સેંકડો વિદ્યાર્થીઓ અને હજારો મુસાફરોને ભારે હાલાકી ભોગવવાનો વારો આવ્યો છે. છેલ્લા ૨૦ વર્ષથી કાર્યરત આ કન્ટ્રોલ પોઈન્ટ પર લગભગ ૭૦૦ વિદ્યાર્થીઓ પાસધારકો છે તેમજ અમદાવાદ-હિંમતનગરના મુખ્ય હાઈવે પરનો પોઈન્ટ હોવાને કારણે દરરોજ હજ્જારોની સંખ્યામાં મુસાફરો સેવા લઈ રહ્યા હતા. ફરજ પરના કર્મચારી વય મર્યાદાથી નિવૃત થતાં અન્ય કર્મચારી મુકવાને બદલે તંત્રએ કન્ટ્રોલ પોઈન્ટ જ બંધ કરી દેતા આ મુસાફરો અને પાસ રિન્યુ કરાવવા ગયેલા વિદ્યાર્થીઓ મુશ્કેલીમાં મુકાઈ ગયા હતા. એસ.ટી. તંત્રના નિંભર વહીવટને કારણે પાડાના વાંકે પખાલીને ડામ જેવી સ્થિતિ સર્જાતા લોકોમાં ભારે અસંતોષ સાથે રોષની લાગણી ફેલાવા પામી છે અને પોઈન્ટ પુનઃ કાર્યરત થાય તેવી માંગણી પ્રવત્તી રહી છે.

# રખિયાલમાં તલાટી બની લાંચ સ્વિકારતો ફોલ્ડર ઝડપાયો

## એસીબીએ ટ્રેપ ગોઠવીને રૂ. ૮૦૦ લેતા રંગે હાથ પકડયો : ફોલ્ડર પાસેથી જમીન મહેસુલની ૧૩૫ ડી મુજબની નોટીસો મળી આવી

ગાંધીનગર, તા.૧૭

ગાંધીનગર જિલ્લાના રખિયાલ વિસ્તારમાં ગાંધીનગર એસીબીએ ટ્રેપ ગોઠવીને તલાટી બની રૂ. ૮૦૦ની લાંચ સ્વિકારનાર તલાટીના ફોલ્ડરને રંગે હાથ ઝડપી પાડયો છે. જમીનમાં વરસાઈ કરવાની બે અરજી પેટે રૂ. ૧ હજારની લાંચની માંગણી તલાટીએ કરી હતી. જેની ફરિયાદને આધારે ગાંધીનગર એસીબીએ ટ્રેપ ગોઠવીને ફોલ્ડરને ઝડપી લીધો હતો જયારે તલાટી હજુ ફરાર છે.



મળતી માહિતી મુજબ દહેગામ તાલુકાના નવા નગર વિસ્તારમાં રહેતા મકવાણા વૈજનાથ વિરસંગજીના બાપ દાદાઓની જમીનમાં વૈજનાથ મકવાણા અને તેના પિતરાઈ ભાઈ બહેનોની વારસાઈ કરવા તલાટીને અરજી કરી હતી. એક અરજીના રૂ. ૫૦૦ લેખે બે અરજીના રૂ. ૧ હજાર તલાટીએ અરજદાર પાસેથી માંગ્યા હતા. તે પૈકી રૂ. ૮૦૦ પોતાને અથવા રખિયાલના મયુર મેડીકલ સ્ટોર ખાતે પોતાના ફોલ્ડર મીતેષ પટેલને આપી દેવા તલાટીએ કહ્યું હતું. એસીબીને આ અંગે ફરિયાદ મળતા પી.આઈ. એમ.જે. ક્રિશ્ચિયને મયુર મેડીકલ રખિયાલ ખાતે ટ્રેપ ગોઠવીને ર. ૮૦૦ની લાંચ તલાટી વતી સ્વિકારતા ફોલ્ડર મિતેષને ઝડપી પાડયો છે. ગંભીર બાબત તો એ છે કે જમીન મહેસુલની ૧૩૫ ડી મુજબની નોટીસો પણ ફોલ્ડર પાસેથી મળી આવી છે. એસીબીએ તલાટીની ધરપકડ માટે તજવીજ શરુ કરી છે.

# સે. ૨૪ના ડબલડેકર વિસ્તારમાં પાણી હજુ પણ ફોર્સથી આવતુ નથી

## નવી લાઈન સંબંધિત ટી ફીટ ન થતા સમસ્યા યથાવત

ગાંધીનગર, તા. ૧૭

સે. ૨૪ના ડબલડેકર વિસ્તારમાં પાણીની નવી લાઈન નાંખવાનું કામ પૂર્ણ કરાયા બાદ પણ રહીશોને પૂરતા ફોર્સથી પાણી મળતુ નથી. લાઈન સંબંધી ટી ફીટ કરવાનું કામ ચાલી રહ્યું હોવાથી પાણીની સમસ્યાનો લાંબા સમયના અંતે પણ ઉકેલ આવ્યો નથી.

સે. ૨૪ માં પાણી અને ગટરલાઈનનો પ્રશ્ન જટીલ બનતો જાય છે. છાશવારે રહીશોમાં આ મામલે આક્રોશ ઉઠવા પામે છે. શહેરમાં સમાવિસ્ટ આ સેકટરમાં પાયાની સુવિધાઓ પણ દાયકાઓના અંતે ઉપલબ્ધ થાય તે માટે તંત્ર છેલ્લા કેટલાક સમયથી હરકતમાં આવ્યું છે. હાલ સેક્ટરમાં સી.સી.રોડનું કામ હાથ ધરવામાં આવ્યું છે. સેકટરના ડબલડેકર વિસ્તારમાં છેલ્લા ઘણા સમયથી ફોર્સથી પાણી ન આવતુ હોવાની ફરિયાદો ઉઠવા પામી છે. જ્યારે આ સમસ્યાને ડામવા તંત્ર દ્વારા આ વિસ્તાર માટે અગાઉ નવી લાઈન પણ નાંખવામાં આવી છે. પરંતુ લાઈન સંબંધિત ટી ફીટ કરવાનું કામ બાકી રહી ગયું હોવાથી નવી લાઈન શરૂ થઈ શકી નથી. જેના લીધે ડબલ ડેકર વિસ્તારના રહીશો ને હજુ પણ ફોર્સથી પાણી મળતુ નથી. આ મામલે પાણીની સમસ્યાને ડામવા ઝડપભેર કામગીરી હાથ ધરવામાં આવે તેવી પ્રબળ માંગ ઉઠવા પામી છે.

# નભોઈ હત્યા પ્રકરણની તપાસ એએસપીને સોંપાઈ

## હોડી ચકલા સર્કલથી નભોઈ સુધી રોહીત કેવી રીતે પહોંચ્યો તે ખુટતી કડીમાં મર્ડરનું રહસ્ય..!

ગાંધીનગર, તા. ૧૭

ગાંધીનગર નજીક નભોઈ કેનાલ પાસે લાવીને અમદાવાદ મેઘાણીનગર વિસ્તારના ૨૪ વર્ષીય યુવાનનું ગળુ કાંપી નાંખીને કરપીણ હત્યા કરી નાંખવામાં આવી હતી. આ હત્યા પ્રકરણને આજે ત્રણ દિવસ થયા પરંતુ ક્રૂરતાથી હત્યા કરીને કોઈ પણ સુરાગ છોડ્યા વિના સરકી ગયેલા હત્યારાનું પોલીસ પગેરૂ મેળવી શકતી નથી. અંતે આ હત્યા પ્રકરણની તપાસ આજે ગાંધીનગર એએસપી કરણરાજ વાઘેલાને સોંપવામાં આવી છે.

મેઘાણીનગરમાં પસ્તી ઉઘરાવવાનો વ્યવસાય કરતાં પરિણીત યુવાન રોહીતને નભોઈ કેનાલ પાસે લાવીને રહેંશી નાંખી કરૂણ હત્યા કરી નાંખવામાં આવી હતી. ઈન્ફોસિટી પોલીસે મેઘાણીનગર જઈ પરિવારજનો તથા મિત્રો અને પડોશીઓના નિવેદન લીધા હતા. જેમાં જાણવા મળ્યું હતું કે રોહીતને તેનો એક મિત્ર છેલ્લે હોડી ચકલા સર્કલ રીક્ષામાં ઉતારી ગયો હતો. પોલીસ હવે હોડી ચકલા સર્કલથી નભોઈ સુધી રોહીત કેવી રીતે પહોંચ્યો અને કોણ તેને લઈને આવ્યુ તેની તપાસ ચલાવી રહી છે. આ ખુટતી કડીમાં સમગ્ર હત્યા પ્રકરણનું રહસ્ય છુપાયેલુ છે. હવે આ ઘટનાની તપાસ એએસપીને સોંપાતા આઈ.પી.એસ. અધિકારી કરણરાજ વાઘેલાએ ઝીણવટભરી તપાસ શરૂ કરી છે.

# બહુવિધ ખેલ પ્રતિભાશાળી કુ. લીપ્સી ભટ્ટને બેસ્ટ સ્પોર્ટસ પર્સન ઓફ ધ યરનો ખિતાબ

## આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે વાડો-કાઈકરાટેમાં ૨ સિલ્વર મેડલ, રાષ્ટ્રીય ક્ષેત્રે સોફ્ટ ટેનિસમાં પણ મેડલ : થ્રો બોલ અને ફૂટબોલની રમતોમાં પણ ઉત્કૃષ્ઠ પ્રદર્શન

ગાંધીનગર, તા. ૧૭

ગાંધીનગરની હિલવુડ્સ શાળામાં ધો. ૧૦માં ભણતી કુ.લીપ્સી કેતન ભટ્ટને રમતગમત ક્ષેત્રે વિવિધ સ્પર્ધાઓમાં ઉત્કૃષ્ઠ દેખાવ બદલ 'બેસ્ટ સ્પોર્ટસ પર્સન ઓફ ધ યર-૨૦૧૪'નો એવોર્ડ આપવામાં આવ્યો છે. આ એવોર્ડ તેમને હિલવુડ્સ સ્કૂલ તરફથી તેમના રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કક્ષાએ અલગ અલગ રમતોમાં કરાયેલા પ્રદર્શનને ધ્યાનમાં રાખીને આપવામાં આવ્યો છે.



કુ. લીપ્સી ભટ્ટે આંતરરાષ્ટ્રીય કક્ષાએ નવેમ્બરમાં યોજાયેલ વાડો-કાઈ કરાટે સ્પર્ધાની ચેમ્પિયનશીપમાં ઉત્કૃષ્ઠ પ્રદર્શન દ્વારા ૨ સિલ્વર મેડલ મેળવ્યા હતા. તેમજ રાષ્ટ્રીય કક્ષાએ સોફ્ટ ટેનિસની સ્પર્ધામાં પણ મેડલ મેળવ્યો છે. કુ લીપ્સી થ્રો બોલમાં શાળાની કેપ્ટન છે અને ૨૦૧૪ની ઈન્ટર હાઉસ થ્રો બોલ સ્પર્ધામાં વિજેતા બની શાળાને ટ્રોફી જીતાડેલ છે. આ ઉપરાંત કુ. લીપ્સી રાજ્ય સરકાર દ્વારા યોજાતા ખેલ મહાકુંભમાં ૨૦૧૩ અને ૨૦૧૪માં ફૂટબોલની રમતમાં પણ શ્રેષ્ઠ દેખાવ કરી ચૂકી છે. જેના થકી હિલવુડ્સ સ્કૂલની ટીમ ફાઈનલ સુધી પહોંચવામાં સફળ રહી હતી.

## જૈન સોશ્યલ ગૃપ દ્વારા રવિવારે વાનગી સ્પર્ધાનું આયોજન


ગાંધીનગરના જૈન સોશ્યલ ગૃપ દ્વારા તા. ૨૧મી ડિસેમ્બર રવિવારે વાનગી હરિફાઈનું આયોજન કરવામાં આવ્યુંછે. આ વાનગી હરિફાઈ માણસા રોડ પર આવેલ ઘુંઘટ હોટલ ખાતે સવારે ૯ થી બપોરના ૧૧ વાગ્યા દરમ્યાન યોજાશે. આ હરિફાઈમાં વાનગી અને સલાડ ડેકોરેશન એમ બે પ્રકારની સ્પર્ધા યોજાશે. આ સ્પર્ધામાં ભાગ લેનાર સ્પર્ધકે વાનગી હરિફાઈ માટે લીલા વટાણાની વાનગી ઘરેથી બનાવીને લઈ જવાની છે તેમજ સાથે તેની રેસીપી પણ લખીને મુકવાની છે. સલાડ ડેકોરેશનમાં પણ સ્પર્ધકે ઘરેથી સલાડ તૈયાર કરીને લઈ જવાના છે. આ સ્પર્ધામાં બે વિજેતાઓ જાહેર કરવામાં આવશે.

**વડીલોને વંદન**

**અભિનંદન**



સરલાબેન ભાસ્કરભાઈ રાણા
(૧૯૩૯) ફોનઃ ૨૩૨૨૩૫૨૩



ગણેશભાઈ ચતુરભાઈ પટેલ
(૧૯૪૦) ફોન : ૨૩૨૧૦૬૦૧

# ગૃહને હરાવી નાણા વિભાગની ટીમનો ક્વાર્ટર ફાઈનલમાં પ્રવેશ

## આંતર વિભાગીય સચિવાલય ક્રિકેટ ટૂર્નામેન્ટમાં નાણા વિભાગે ગૃહ વિભાગને દસ વિકેટે પરાજય આપ્યો

ગાંધીનગર, તા. ૧૭

આંતર વિભાગીય સચિવાલય ક્રિકેટ ટૂર્નામેન્ટમાં આજે સે. ૨૧ના જીમખાના ખાતે રમાયેલ નાણાં વિભાગ અને ગૃહ વિભાગની ટીમ વચ્ચે રમાયેલ મેચમાં નાણાં વિભાગે ૧૦ વિકેટે ભવ્ય વિજય મેળવ્યો હતો. આ વિજય દ્વારા નાણા વિભાગે સ્પર્ધાની ક્વાર્ટર ફાઈનલમાં પ્રવેશ મેળવ્યો છે.

આ મેચમાં ગૃહ વિભાગની ટીમે ટોસ જીતી પ્રથમ દાવ લેતા માત્ર ૧૫.૪ ઓવરમાં ૪૯ રન બનાવી ઓલઆઉટ થઈ ગઈ હતી. નાણા વિભાગ તરફથી કમલેશ સોલંકીએ ૩ અને ધર્મેશ કહાર, ધર્મીત જાની અને સંદિપસિંહ ચાવડાએ ૨-૨ વિકેટ મેળવી હતી અને શૈલેષ પ્રજાપતિએ ૪ કેચ ઝડપ્યા હતા.

નાણા વિભાગની ટીમે જવાબમાં માત્ર ૬.૪ ઓવરમાં વિના વિકેટે ૫૦ રન નોંધાવી ૧૦ વિકેટે ભવ્ય વિજય મેળવ્યો હતો. નાણા વિભાગ વતી રમતા ધવલ અગ્રાવતે ૭ ચોગ્ગા અને ૧ સિકસર સાથે ૩૭ રન અને કમલેશ સોલંકીએ ૧ ચોગ્ગા સાથે ૯ રન નોંધાવ્યા હતા. કમલેશ સોલંકીને તેમના ઓલરાઉન્ડ દેખાવ બદલ મેન ઓફ ધ મેચ જાહેર કરાયા હતા. આ વિજય થકી નાણાં વિભાગની ટીમે ટૂર્નામેન્ટની ક્વાર્ટર ફાઈનલમાં પ્રવેશ મેળવી લીધો છે.

**નામ બદલેલ છે**

**મારું નામ લગ્ન પહેલા આમેના ખાતૂન અબ્દુલકાદર આંજનાવાલા હતું તે બદલી આમેનાબેન મોહમ્મદ સાદિક સાબુવાલા રાખેલ છે.**

લી.
આમેનાબેન એમ. સાબુવાલા
બી-૧/૯, પોસ્ટલ કોલોની,
સેક્ટર-૨૪, ગાંધીનગર-૩૮૨૦૨૪

**ટુંકી મુદતની જાહેર નિવિદા નં.-૨ - ૨૦૧૪-૧૫**

જિલ્લા પંચાયત ગાંધીનગર, સે.૧૭, પશુપાલન શાખા (ફોન નં. ૦૭૯-૨૩૨૫૬૯૫૦) માટે જિલ્લા કક્ષાની પશુપાલન શિબિરના આયોજન બાબતે ગાંધીનગર જિલ્લામાં તા. માણસા તથા તા. દહેગામ ખાતે ગ્રામ્યકક્ષાએ બે પશુપાલન શિબિર માહે-જાન્યુઆરી-૨૦૧૫માં આયોજીત કરવાની હોઈ એક શિબિરમાં ૪૦૦ પશુપાલક બેસી શકે તેવો મંડપ / સ્ટેજ, સાઉન્ડ સીસ્ટમ, ફર્નિચર, સાફ-સફાઈ, ઈલેક્ટ્રીક ચાર્જ, સુશોભન, મબેમાનની આગતા સ્વાગતા, સરભરા વગેરે તથા શિબિરાર્થીઓને સવારે ચા-નાસ્તો, બપોરનું ભોજન તથા સાંજે ચા પુરી પાડવાની હોઈ ટેન્ડર ફી રૂ. ૬૦૦/- પી.એલ.એ. ટુ ડી.ડી.ઓ. ગાંધીનગરના એકાઉન્ટમાં તા. ૨૩/૧૨/૨૦૧૪ સુધીમાં ચલનથી જમા કરાવી ચલનની અસલ કોપી તથા પાનકાર્ડની ઝેરોક્ષ કોપી રજૂ કર્યેથી કચેરીના કામકાજના દિવસો દરમિયાન ૧૧-૦૦ થી ૧૮-૦૦ કલાક સુધી કોરા ટેન્ડર ફોર્મ અત્રેથી આપવામાં આવશે. જે ટેન્ડર ફોર્મ વિગતવાર ભરી આ કચેરીને મોડામાં મોડા તા. ૬/૧/૨૦૧૫ સુધીમાં રજી.પો.એ.ડી. અથવા કુરીયર મારફતેથી મદદનીશ પશુપાલન નિયામકશ્રી, પશુપાલન શાખા, જિલ્લા પંચાયત, ગાંધીનગર, સે.૧૭ને મળે તે રીતે બંધ કવરમાં મોકલી આપવાના રહેશે.

સહી/-
મદદનીશ પશુપાલન નિયામક
જિલ્લા પંચાયત, ગાંધીનગર

માહિતી/૧૯૭૬/૨૦૧૪-૧૫

# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

**સૂર્યોદય : ૭.૧૯**
**સૂર્યાસ્ત : ૫.૫૯**

## તાપમાન

**મહત્તમ : ૨૫.૦ ડિ.સે.**
**લઘુત્તમ : ૧૨.૦ ડિ.સે.**

## ભેજનું પ્રમાણ

**સવારે ૭૧ ટકા ● સાંજે ૨૮ ટકા**

## મનોરંજન

### મૂવી પ્લેક્સ, કલોલ

**: સ્કીન-૧ :**

એકશન જેકસન : ૧૦.૩૦, ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦

**સ્કીન-૨ :**

બદલપુર બોય : ૧૧.૪૫, ૫.૦૦, ૧૦.૦૦

મેં ઓર મિ. રાઈટ : ૨.૩૦, ૭.૩૦

**સ્કીન-૩ :**

મેં ઓર મિ. રાઈટ : ૧૧.૦૦, ૪.૦૦, ૯.૦૦

બદલપુર બોય : ૧.૩૦, ૬.૩૦

### સીટી પલ્સ

**: સ્કીન-૨ :**

એકશન જેકસન : ૪.૦૦, ૧૦.૦૦

બદલપુર બોય : ૬.૪૫

**: સ્કીન-૩ :**

એકસોડસ ગોડ એન્ડ કિંગ્સ (ઇંગ્લીશ) ૩ડી : ૬.૪૫

લિંગા (તમીલ) : ૯.૦૦

**: સ્કીન-૪ :**

એકશન જેકસન : ૧૦.૦૦

બદલપુર બોય : ૩.૪૫, ૧૦.૦૦

મેં ઓર મિ. રાઈટ : ૧૨.૪૫

લિંગા (તમીલ) : ૭.૦૦

**: સ્કીન-૫ :**

બદલપુર બોય : ૧૦.૦૦

એકશન જેકસન : ૧.૦૦, ૭.૦૦

**: સ્કીન-૬ :**

એકશન જેકસન : ૭.૦૦

બદલપુર બોય : ૩.૪૫

મેં ઓર મિ. રાઈટ : ૧૨.૪૫

## આપની આજ

**મેષ** : વિવાદોથી બચવું. આર્થિક ક્ષેત્રમાં શોધપૂર્ણ કાર્ય થઈ શકે છે. વિશેષ લેવડ-દેવડથી બચવું. સંતાન ઉજ્જવળ ભવિષ્યની તરફ અગ્રેસર થઈ શકશે.

**વૃષભ** : કર્મક્ષેત્રમાં ભાગ્યવર્ધક પરિવર્તન. અને યાત્રાના સંભાવના. વ્યાપાર -વ્યવસાય પ્રત્યે ધ્યાન આપો. પ્રબળ આત્મવિશ્વાસ તથા દૃઢ નિશ્ચયથી જટિલ કાર્યનો ઉકેલ આવશે.

**મિથુન** : પદ પ્રતિષ્ઠા સંબંધી વિવાદિત કાર્યોનો ઉકેલ લાવવા માટે યાત્રા થઈ શકે છે. સારા લોકોથી મુલાકાત થઈ શકે છે, જે તમારા હિતચિંતક બની શકે છે.

**કર્ક** : કૌટુંબિક સમસ્યાઓ કુશળતાથી નીપટાવવી. નોકરી-વ્યવસાયમાં અણધારી સફળતા પ્રાપ્ત થશે. આર્થિક સ્થિતિ મજબૂત બનતી જણાય. વ્યાપારમાં પ્રગતિ થશે.

**સિંહ** : પદ, પ્રતિષ્ઠા સંબંધી વિવાદિત કાર્યોનો ઉકેલ લાવવા માટે યાત્રા થશે. આર્થિકક્ષેત્રે નવા આયોજનો થઈ શકે છે. આજીવિકાના ક્ષેત્રમાં સ્થિતિ સામાન્ય રહેશે.

**કન્યા** : ભાગીદારીથી વિશેષ લાભ પ્રાપ્તિનો યોગ. વ્યાપારીક વર્ગ માટે લાભ મેળવવાની ઉત્તમ તક. આપ સાહસિત અને અથાગ પરિશ્રમમાં આપ માનો છો તેથી આર્થિક સ્થિતિને લઈને ચિંતા ન કરો.

**તુલા** : મંગળ પ્રસંગોમાં સમય પસાર થશે. ધૈર્યને કારને તમારી મોટીથી મોટી આકાંક્ષા પણ પૂર્ણ થતી જણાય. કુટુંબમાં વૃદ્ધ વ્યક્તિઓના આરોગ્ય તરફ ધ્યાન આપવું જોઈએ.

**વૃશ્ચિક** : શિક્ષા સંબંધિ ઉપલબ્ધિદાયક યોગ. કાર્ય અને વ્યવસાયના ક્ષેત્રમાં યોગ્ય સફળતા પ્રાપ્ત થઈ શકે છે. કુટુંબમાં લગ્ન સંબંધી કાર્યક્રમાનું આયોજન થઈ શકે છે.

**ધન** : ધાર્મિક કાર્યોમાં વિશેષ ધન વ્યય થઈ શકે છે. આર્થિક ક્ષેત્રે લંબિત પ્રકરણોમાં વિશેષ કાર્ય થશે. ભાગીદારીઓથી વિશેષ લાભ. મિત્રોના સહયોગથી સમસ્યાઓનું સમાધાન મળી શકે છે.

**મકર** : દૈનિક વ્યાપાર, કૌટુંબિક માંગલિક કાર્યો, ધાર્મિક કાર્યો માટે વિશેષ યાત્રા-પ્રવાસનો યોગ. અર્થને લગતી સમસ્યાઓ પર વિશેષ ચિંતન યોગ.

**કુંભ** : પરિવાર, વેપારની બોદ્ધિક સમસ્યાઓનો વિવેકપૂર્ણ ઉકેલ કરવો. વ્યાપારમાં નવીન કરારો પર ધ્યાન આપવું હિતકારક રહેશે. પોતાની વસ્તુઓ સંભાળીને રાખો.

**મીન** : નવા આર્થિક સ્ત્રોતો પર કાર્યો થશે. સામાજિક ક્ષેત્રે મહત્વપૂર્ણ ઉપલબ્ધિ મળી શકે છે. વ્યાપારિક ભાગીદારીથી લાભ પ્રાપ્તિ થઈ શકે છે.

## ચિરવિદાય

- સ્વ. ખેંગારજી શિવાજી ચૌહાણ (ઉ.વ.૭૫) પ્લોટ નં. ૬૫૪, વાસ્તુનિર્માણ સોસાયટી, સે-૨૨, ગાંધીનગર